માધ્યમિક પરીક્ષા મોડલ પ્રશ્નપત્ર -૨૦૨૨

વિષય :- ગુજરાતી

ધોરણ :- ૧૦ કુલ ગુણ :- 80

સમય : 2:45 કલાક

**પરીક્ષાર્થીઓ માટે સામાન્ય નિર્દેશ :**

**GENERAL INSTRUCTION TO THE EXAMINEES :**

(૧) પરીક્ષાર્થી સૌપ્રથમ પ્રશ્નપત્ર પર પોતાનો નામાંક જરૂરથી લખે.

(૨) દરેક પ્રશ્ન કરવા ફરજીયાત છે.

(૩) દરેક પશ્નાના જવાબ આપેલી પુસ્તીકામાં જ લખો.

(૪) જે પ્રશ્નપત્રમાં આંતરિક ખંડ છે તે દરેકના ઉત્તર એક સાથે જ લખો.

(૫) પ્રત્યેક પ્રશ્નમાં માગ્યા પ્રમાણે ઉત્તર લખવાના છે.

(૬) પ્રશ્નોના ગુણભાર નિમ્નાનુસરા છે.

| ખંડ | પ્રશ્નોના પ્રકાર | પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નોની સંખ્યાં | ગુણ દરેક પ્રશ્ન | કુલ ગુણભાર |
|---|---|---|---|---|---|
| ખંડ-અ (A) | બહુ વિકલ્પી પ્રશ્ન | ૧(૧થી૧૨) | ૧૨ | ૧ | ૧૨ |
| | પ્રશ્ન રિકત સ્થાન પૂર્તિ | ૨(૧થી૬) | ૬ | ૧ | ૬ |
| | અતિ લઘુ ઉત્તરાત્મક પ્રશ્ન | ૩(૧થી૧૨) | ૧૨ | ૧ | ૧૨ |
| ખંડ-બ (B) | લઘુ ઉત્તરાત્મક પ્રશ્ન (ઉત્તર શબ્દ સીમા લગભગ ૫૦ (પચાસ) શબ્દ | ૪ થી ૧૪ | ૧૧ | ૨ | ૨૨ |
| ખંડ-ક(C) | દીર્ઘ ઉત્તરીય પ્રશ્ન/નિબંધાત્મક પ્રશ્ન શબ્દ સીમા લગભગ ૧૦૦ શબ્દપ્રતિ પ્રશ્ન (પ્રત્યેક પ્રશ્ન એક વિકલ્પ સહીત) | ૧૫ થી ૧૮ | ૪ | ૩ | ૧૨ |
| ખંડ-દ (D) | દીર્ઘ ઉત્તરીય પ્રશ્ન/નિબંધાત્મક પ્રશ્ન શબ્દસીમા લગભગ 250 શબ્દપ્રતિ પ્રશ્ન (પ્રત્યેક પ્રશ્ન એક વિકલ્પ સહીત) | ૧૯ થી ૨૧ | ૩ | ૫+૫+૬ | ૧૬ |
| | | | ૪૮ | | ૮૦ |

## વિભાગ : અ (A)

પ્રશ્ન : ૧ નીચે આપેલ બહુવિકલ્પ ધરાવતા પ્રશ્નોના ઉત્તર સાચો વિકલ્પ શોધી લખો. (પ્રત્યેકનો ૧ ગુણ)

(૧) અખાના મતે ઇશ્વરનું દર્શન કોણ કરાવી શકે ? ૧

(અ) જ્ઞાની ગુરૂ (બ) કવિ (ક) પુંજારી (ડ) માતા-પિતા

(૨) કવિ એકાદ દિવસ કોની સાથે ગુજારવા કહે છે ? ૧

(અ) લોકોની સાથે (બ) ફુલોની સાથે (ક) ભકતોની સાથે (ડ) પરિવાર સાથે.

(૩) બિરબલ બાદશાહને શું કહીને બોલાવતો હતો ? ૧

(અ) રાજા સાહેબ (બ) બાદશાહ સલામત (ક) મહરાજ (ડ) માલિક

(૪) ડો કિરણ બેદી કઇ રમતના ખેલાડી હતા ? ૧

(અ) ક્રિકેટ (બ) બેડ મિન્ટન (ક) વોલીબોલ (ડ) હોકી

(૫) નીચેના માંથી સાચી જોડણી કઇ છે ? ૧

(અ) સહાનુભુતી (બ) સહાનૂભૂતી (ક) સહાનૂભુતિ (ડ) સહાનુભૂતી

(૬) ‘સાગર’ નો સમાનાર્થી શબ્દ થાય. ૧

(અ) આકાશ (બ) તળાવ (ક) નદી (ડ) દરિયો

(૭) ‘ સવાર’ નો વિરૂધ્ધાર્થી શબ્દ કયો થાય ? ૧

(અ) રાત (બ) દિવસ (ક) સાંજ (ડ) મધુર

(૮) ‘ભલો મહાદેવ રડતો ગયો ‘ સંજ્ઞા છે.. ૧

(અ) રડતો (બ) ભલો (ક) મહાદેવ (ડ) ગયો

(૯) ‘ એનો ગભરૂ જીવ રડી પડયો ‘ વાકયમાં વિશેષણ છે.. ૧

(અ) એનો (બ) ગભરૂ (ક) જીવ (ડ) પડયો

(૧૦) ‘ કેમ ભાઇ મોડો પડયો ? વાકય કયાં પ્રકારનું છે ? ૧

(અ) પ્રશ્ન વાકય (બ) ઉદગાર વાકય (ક) પૂર્ણ વાકય (ડ) અર્થ વાકય

(૧૧) ‘ વિધાલય ‘ શબ્દની સંધિ વિચ્છેદ થાય .. ૧

(અ) વિધિયા +આલય (બ) વિધ +આલય (ક) વિધા +આલય (ડ) વિધા +લય

(૧૨) ‘ સ્વ + ઇચ્છા’ ની સંધિ થાય.. ૧

(અ) સ્વ + અનિચ્છા (બ) સ્વેચ્છા (ક) સવેચ્છા (ડ) સુવેચ્છા

પ્રશ્ન : ૨ નીચેના પ્રશ્નોમાં રિકત સ્થાનની પૂર્તિ કરો.

(૧) સુર્યને ઉભા રહેવાની સજા થાય ત્યારે સુર્ય ..................... જાય છે. ૧

(૨) એક મુરખને એવી ટેવ ................ દેવ ૧

(૩) તેની કળીઓ .................. થતી હતી ૧

(૪) સામે જ ખીણનું.........દશ્ય દેખાયું ૧

(૫) સંજ્ઞા કે સર્વનામની વિશેષતા દર્શાવનાર શબ્દને ......... કહેવાય. ૧

(૬) સ્વદેશ શબ્દનો વિરોધી શબ્દ થાય............ ૧

પ્રશ્ન : ૩ નીચે આપેલા પ્રશ્નોના એક વાકયમાં જવાબ લખો.

(૧) નરસૈયા માટે ભગવાન કોનું રૂપ ધારણ કરે છે ? ૧

(૨) કવિ કોની સાથે રમવા ઇચ્છે છે ? ૧

(૩) કવિને કયો પ્રશ્ન સતાવે છે ? ૧

(૪) સૂર્ય કયારે ઊંઘી જાય છે ? ૧

(૫) આપણને ઇશ્વરના દર્શન કયારે થઇ શકે છે ? ૧

(૬) ' જગડુશા ' પાઠમાં રાજાને કઇ વાતની ચિંતા છે ? ૧

(૭) રેતીમાં ભેજને કયાં નામે ઓળખવામાં આવે છે ? ૧

(૮) ઇન્પેકટરને મહાદેવની આંખોમાં શું દેખાય છે ? ૧

(૯) ' હાથ પીળા કરવા ' રૂઢિપ્રયોગનો અર્થ શું થાય ? ૧

(૧૦) ' મોમા પાણી આવવું 'રૂઢિપ્રયોગનો વાકયમાં પ્રયોગ કરો. ૧

(૧૧) ' રાત દિવસ 'સમાસનો વિગ્રહ કરો. ૧

(૧૨) ' નવ રાત્રી ' શબ્દનો સમાસ ઓળખાવો. ૧

## વિભાગ –બ (B)

નીચે આપેલા પ્રશ્નોના બે થી ત્રણ વાકયમાં ઉત્તર લખો.

પ્રશ્ન : ૪ તાંબા પતરા પરના લખાણમાં શું જણાવેલું હતું ? ૨

પ્રશ્ન : ૫ કિરણ બેદી સેક્રેટરીની રીત ભાત જોઇને કઇ પ્રતિજ્ઞા લે છે ? ૨

પ્રશ્ન : ૬ વિપ્રસર તળાવની વિશેષતાઓ જણાવો. ૨

પ્રશ્ન : ૭ મહાદેવ શાં માટે રડવા જેવો થઇ ગયો હતો ? ૨

પ્રશ્ન : ૮ લેખકને ભણવામાં માટી શી રીતે મદદરૂપ થઇ ? ૨

પ્રશ્ન : ૯ બિરબલ શા માટે ચિંતિત બન્યો ? ૨

પ્રશ્ન : ૧૦ નરસૈયાને ઘેર પધારેલા ભગવાનની સુંદરતા વર્ણાવો. ૨

પ્રશ્ન : ૧૧ કુલોની વિશેષતા રજુ કરતા કવિ શું કહે છે ? ૨

પ્રશ્ન : ૧૨ ' અક્ષર 'અને ' શ્વાસ ' વચ્ચે તુલના કરતા કવિ શું કહે છે ? ૨

પ્રશ્ન : ૧૩ કવિએ સૂર્યને ઠોઠ નિશાળીયો શા માટે કહયો ? ૨

પ્રશ્ન : ૧૪ અગ્નિ અને ધુમાડાનું ઉદાહરણ આપી કવિ શું કહેવા માંગે છે ? ૨

## વિભાગ – ક (C)

નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.

પશ્ન : ૧૫ તમારી આસપાસ રહેલા મંદિરમાંના ભગવાનની શોભાનું વર્ણન કરો. ૩

(અથવા)

વૃક્ષો તમને કયાં અને કેવી રીતે ઉપયોગી થાય છે તે જણાવો .

પ્રશ્ન : ૧૬ લેખકનો માટી પ્રેમ તમારા શબ્દોમાં વર્ણવો. ૩

(અથવા )

મહાદેવે કરેલો નિર્ણય યોગ્ય હતો ? શા માટે ?

પ્રશ્ન : ૧૭ પ્રકૃતિને શા માટે માતા ગણવામાંઆવી છે ? ૩

(અથવા )

મિત્ર સાથે અણબનાવ થાય ત્યારે તમને થયેલી અનુભૂતિનું વર્ણન કરો .

પ્રશ્ન : ૧૮ નીચે આપેલા ગદ્યાંશને વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.

'' પાણી ક્યાં કેટલું વરસે છે એ પ્રકૃતિએ હજારો વરસોથી નક્કી કરી રાખ્યું છે. કોંકણમાં, ચેરાપુંજીમા ખૂબ વધારે તો અમારા ગામડામાં, જેસલમેરમાં ખૂબ જ ઓછું. પણ જે જ્યાં છે ત્યાં પ્રકૃતિનો સ્વભાવ જોઈને જેમણે જે તે સમાજ ચલાવવાની યોજના બનાવી છે.અને એમા તેમણે સરકારોની વાતો સાંભળી નથુ, લાલચ કરી નથી તો તે સમાજ પાણી ઓછું હોય કે વધારે આનંદમા રહે છે.

પ્રશ્ન : ૧ . પ્રકૃતિએ શું નક્કી કરી રાખ્યું છે ? ૧

૨.ખૂબ વધારે પાણી ક્યાં વરસે છે? ૧

૩. કોણ વધારે આનંદમાં રહે છે ? ૧

## વિભાગ- ડ ( D)

પ્રશ્ન : ૧૯ નીચે આપેલા અપઠિત ગદ્યાંશને વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.

વૃક્ષો અન્યના સુખને માટે છાંયડો આપે છે પોતે તાપમાં તપીને અને અસહ્ય ગરમી વેઠીને બીજાને પોતાના ફળ આપે છે. પરોપકારી મનુષ્યો પણ વૃક્ષો જેવા હોય છે જે આ નાશવંત કાયાનો ઉપયોગ પરોપકાર માટે ન થવાનો હોય તો તેની શી ઉપયોગીતા ? સુખડ જેમ વધારે ઘસાય તેમ વધારે સુવાસ આપે શેરડી જેમ વધારે પિલાય તેમ વધારે રસ આપે સોનું જેમ વધારે તમે તેમ વધારે ચળકાટ મારે જે બીજાના માટે જીવતો નથી તેનુ જીવન નિરર્થક છે જીવવા ખાતર જીવવુ એ તો કાગડા કુતરાનું જીવન છે જે સૃષ્ટિના કલ્યાણમાં પ્રાણ પાથરે છે તે પોતાનું જીવન સાર્થક કરે છે

પ્રશ્નો :

(૧) પરોપકારી મનુષ્યો કોના જેવા હોય છે ? ૧

(૨) સોનાની શી વિશેષતા છે ? ૧

(૩) કોનું જીવન નિરર્થક છે ? ૧

(૪) કોણ પોતાનું જીવન સાર્થક કરે છે ? ૧

(૫) ગદ્યાંશને યોગ્ય શીર્ષક આપો . ૧

પ્રશ્ન : ૨૦ તમારી શાળામાં યોજાયેલ સ્વચ્છતા અભિયાનનો અહેવાલ લખો (આશરે ૨૫૦ શબ્દોમાં) ૫

(અથવા )

તમારી શાળામાં યોજાયેલ વૃક્ષા રોપણ કાર્યક્રમનો અહેવાલ લખો (આશરે ૨૫૦ શબ્દોમાં)

પ્રશ્ન : ૨૧ નીચેના આપેલા વિષય માંથી કોઇ પણ એક વિષય પર નિબંધ લખો. ( ૨૫૦ શબ્દોમાં) ૬

(૧) કોરોનાની મહામારી અને બચાવ.

(૨) ઓનલાઇન થતુ શિક્ષાણ .

(૩) જીવનમાં રમત ગમતનું મહત્વ .

(૪) પરિશ્રમ એ જ પારસમણી .

.............................................................સમાપ્ત..........................................................................